# કાશ્મીરમાં માર્ગ અકસ્માતમાં ૧૬ શ્રદ્ધાળુના મોત

જમ્મુ,તા.૨૭

જમ્મુ કાશ્મીરના સામ્બા જિલ્લામાં ઊંડી ખીણમાં એક ટ્રક ખાબકી જતાં ઓછામાં ઓછા ૧૬ અમરનાથ યાત્રીઓના મોત થયા છે અને અન્ય ૧૬ અમરનાથ યાત્રી ઘાયલ થયા છે. આ ટ્રકમાં ૩૪થી વધુ શ્રદ્ધાળુઓ મુસાફરી કરી રહ્યા હતા. ઘાયલ થયેલા અમરનાથ શ્રદ્ધાળુઓ પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ટ્રકમાં મુસાફરી કરી રહેલા શ્રદ્ધાળુઓ અમરનાથ ખાતે સામુદાયિક રસોડાની સ્થાપના કરવામાં વ્યસ્ત હતા. આ લોકો પરત ફરી રહ્યા હતા ત્યારે બનાવ બન્યો હતો. જમ્મુથી આશરે ૫૦ કિલોમીટરના અંતરે સ્થિત સામ્બા જિલ્લાના માનસર પટ્ટામાં જમુરહા નજીક ઊંડી ખીણમાં ટ્રક ખાબકી ગઈ હતી. દુર્ઘટના અંગે માહિતી મળ્યા બાદ પોલીસ, સેના અને બીએસએફની ટુકડી તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘાયલ થયેલા અન્ય ૧૬ શ્રદ્ધાળુઓને જમ્મુમાં સરકારી મેડીકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પોલીસનું કહેવું છે કે નવ શ્રદ્ધાળુઓના ઘટના સ્થળે જ મોત થયા હતા જયારે અન્ય સાત શ્રદ્ધાળુઓને હોસ્પિટલમાં જતી વેળા દમ દોડી દીધો હતો. અન્ય બે શ્રદ્ધાળુઓને ઈજા થઈ હતી. તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવ્યા બાદ રજા આપી દેવામાં આવી હતી. આ મહિનામાં જમ્મુ પ્રદેશમાં અમરનાથ યાત્રીઓને આવરી લેતી બીજી મોટી દુર્ઘટના છે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૪મી જુલાઈની રાત્રે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર રામબાણ નજીક એક એસઆરટીસી બસ ઊંડી ખીણમાં ખાબકી જતાં ૧૫



શ્રદ્ધાળુઓના મોત થઈ ગયા હતા. ગઈકાલના અકસ્માતમાં મૃત્યુ પામેલા અમરનાથ શ્રદ્ધાળુઓની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. ઓળખ કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. અમરનાથ યાત્રા શાંતિપૂર્ણ રીતે ચાલી રહી છે પરંતુ આ વખતે અમરનાથ યાત્રામાં શ્રદ્ધાળુઓના મોત વધી રહ્યા છે જેની સુપ્રીમ કોર્ટે પણ નોંધ લીધી છે. આ સંબંધમાં એક ઉચ્ચસ્તરીય સમીતિની રચના પણ કરવામાં આવી છે. આગામી દિવસોમાં તે કોઈ જરૂરી સૂચન કરી શકે છે.

# ટીમની એકતા તોડવા પ્રયાસો થઇ રહ્યા છે : અણ્ણા હજારે

નવી દિલ્હી, તા. ૨૭

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ આજે આક્ષેપ કર્યો હતો કે ટીમ અણ્ણાની એક્તાને તોડી પાડવાના પ્રયાસો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. અણ્ણાએ એમપણ કહ્યું હતું કે તેઓ લોકોને એક રાજકિય વિકલ્પ ઉપલબ્ધ કરાવવા પ્રયાસ કરી રહ્યા છે. તેમણે એમપણ કહ્યું હતું કે આંદોલનમાં ભાગ લેવાથી તેમને રોકવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેમની સાથે ગુપ્ત વાતચીત યોજીને આવા પ્રયાસ થઈ રહ્યા છે. નવી દિલ્હીમાં પત્રકારો




સાથે વાતચીત કરતા અણ્ણા હજારેએ કહ્યું હતું કે નારાયણ સ્વામીએ તેમને એક પત્ર લખ્યો છે. આ પત્રને મારી ટીમને આપી દેવામાં આવ્યો છે જેથી એવું લાગે કે અણ્ણા સરકાર સાથે વાતચીત કરી રહ્યા છે. અમારી ટીમને તોડી પાડવાના પ્રયાસ થઈ રહ્યા છે. અણ્ણા હજારેના પત્રના જવામાં નારાયણ સ્વામીએ આ પત્ર લખ્યો છે. નારાયણ સ્વામીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે જંતરમંતર ખાતે ટીમ અણ્ણા દ્વારા થઈ રહેલા આંદોલનને ટેકો મળી રહ્યો નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે રાજકિય પક્ષ રચવાની જાહેરાત કર્યા બાદ ઈરાદા ખુલ્લા થઈ ગયા છે. નારાયણ સ્વામીએ કહ્યું હતું કે આ સારી બાબત છે કે તેઓ રાજકિય પાર્ટી રચવાની વાત કરી રહ્યા છે. તેમના ઈરાદા હવે જાહેર થઈ ગયા છે. અમારી કટીબદ્ધતા મુજબ જ લોકપાલ બીલ અમે લાવી ચુક્યા છે. હવે સંસદની સ્થાયી સમિતી આ દિશામાં આગળ વધશે. અમે શ્રેણીબદ્ધ પગલા લીધા છે. પ્રધાને એમ પણ કહ્યું હતું કે જે લોકો ભુખ હડતાળ ઉપર બેસેલા છે તે લોકોએ મહારાષ્ટ્ર સદનમાં જઈને આરામ કરવો જોઈએ. દેશના લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. આજે એક ચેનલ સાથેની વાતચીતમાં અણ્ણા હજારેએ કહ્યું હતું કે જો લોકો એમ કેશે કે અણ્ણાએ રાજકારણમાં પ્રવેશ કરવો જોઈએ તો ચોક્કસપણે તેઓ આ અંગે વિચારી શકે છે. મજબુત જન લોકપાલ બીલને લઈને જંતરમંતર ખાતે આજે ત્રીજા દિવસે ટીમ અણ્ણઆના આંદોલન જારી રહ્યા હતા. અણ્ણા હજારે પોતે પણ સરકારને ચાર દિવસની અલ્ટીમેટમ આપ્યા બાદ રવિવારે અનશનમાં શામેલ થઈ શકે છે.

# એચડીએફસી બેંક મોસ્ટ વેલ્યુડ બેંક બની

નવી દિલ્હી,તા.૨૭

ખાનગી સેકટરની બેંક એચડીએફસી બેંકે દેશની મોસ્ટ વેલ્યુડ બેંક તરીકે ઉભરી આવવામાં સફળતા મેળવી છે. એસબીઆઈને પાછળ છોડીને એચડીએફસી બેંક ભારતની મોસ્ટ વેલ્યુડ બેંક બની ગઈ છે. એચડીએફસી બેંકની કુલ માર્કેટ વેલ્યુ ૧૩૭૫૦૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. આજે કારોબાર દરમિયાન એસબીઆઈના શેરમાં મોટો કડાકો બોલાયો હતો. બીજીબાજુ એચડીએફસી બેંકના




શેરમાં ત્રણ ટકાથી વધુનો સુધારો થયો હતો. જેના પરિણામ સ્વરૂપે એચડીએફસી બેંકની માર્કેટ મુડીમાં વધારો થયો હતો. બીજીબાજુ એસબીઆઈના શેરમાં ઘટાડો થતાં તેની માર્કેટ મુડી ઘટીને ૧૩૨૭૦૦ કરોડ થઈ ગઈ હતી. ગઈકાલે કારોબારના અંતે એસબીઆઈ દેશની મોસ્ટ વેલ્યુડ બેંક હતી અને તેની માર્કેટ મુડી ૧૩૫૩૬૦ કરોડ હતી. જ્યારે એચડીએફસી બેંકની માર્કેટ મુડી ૧૩૩૩૭૫ કરોડ હતી. આઈસીઆઈસીઆઈ બેંકની માર્કેટ મુડી ૧૦૪૫૫૮ કરોડ હતી. આજે એચડીએફસીના શેરમાં સુધારો થયો હતો. માર્કેટ મુડીની વાત કરવામાં આવે તો એચડીએફસી બેંક અને એસબીઆઈ બાદ આઈસીઆઈસીઆઈ બેંક, એક્સીસ બેંક, કોટક મહિન્દ્રા બેંકનો સમાવેશ થાય છે. આ તમામ બેંકોની માર્કેટ મુડી બપોરના ગાળા દરમિયાન ઉતારચઢાવની સ્થિતીમાં હતી. બપોરે ૨.૨૦ વાગે એચડીએફસી અને એસબીઆઈ ઉપરાંત આઈસીઆઈસીઆઈ બેંકની માર્કેટ મુડી ૧૦૭૨૨૧ કરોડ હતી. જ્યારે એક્સીસ બેંકની માર્કેટ મુડી ૪૨૫૪૧ કરોડ હતી. કોટક મહિન્દ્રા માર્કેટ મુડી ૩૯૫૪૭ કરોડ હતી.

# આસામના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં સ્થિતીમાં ધીમે ધીમે સુધારો

ગુવાહાટી, તા.૨૭

આસામના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં સ્થિતીમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે. સાંપ્રદાયિક હિંસમાં મોતનો આંકડો વધીને ૪૫ ઉપર પહોંચી ચુક્યો છે. જ્યારે ઘરવગરના થયેલા લોકોની સંખ્યા ૨.૯ લાખ પહોંચી ચુકી છે. આજે આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઈ કહ્યું હતું કે કોકરાઝાર, ચિરાંગ અને ઢુબરી જિલ્લાઓમાં સેના મોકલવામાં વિલંબ થતા હિંસા વધુ ભડકી ગઈ હતી. આસામ હિંસા માટે તરુણ ગોગોઈએ કેન્દ્ર સરકાર ઉપર દોષારોપણ કર્યા હતા અને કહ્યું હતું કે સેના મોકલવામાં વિલંબના લીધે સ્થિતી બેકાબુ થઈ ગઈ હતી. ગોગોઈ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે પ્રથમ દિવસે જ સેના મોકલવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. પરંતુ રાજ્યમાં



પહોંચવામાં સેનાને ચારથી પાંચ દિવસનો સમય લાગ્યો હતો. તેમણે સ્પષ્ટતા કરી હતી કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે સંકલનનો કોઈ અભવા ન હતો. તેમણે એમપણ કહ્યું હતું કે તેઓએ ગૃહ મંત્રાલય અને સેનાને હિંસા ભડકી ઉઠી ત્યારે તરત જ જાણ કરી દીધી હતી. બોડો અને બંગાળી બોલતા મુસ્લિમો વચ્ચે હિંસા ભડકી ઉઠી હતી. પરંતુ જુદા જુદા રાજ્યોમાંથી સેના આવી હતી જેથી સમય લાગ્યો હતો. આસામમાં જારી હિંસાનો મોતનો આંકડો ૪૫ ઉપર પહોંચી ચુક્યો છે. કોકરાઝાર અને અન્ય હિંસાગ્રસ્ત વિસ્તારોમાં હાલમાં દેખો ત્યાંથી ઠાર કરોનો આદેશ જારી કરાયા હતા. સાથે સાથે સંચારબંધી પણ લાગુ કરાઈ હતી. સ્થિતી બેકાબુ બનતા આસામમાં પરિસ્થિતી વિકટ બની હતી. આખરે સેનાને બોલવવામાં આવી હતી. હવે આસામમાં જનજીવન ધીમે ધીમે સામાન્ય બની રહ્યું છે છતાં મોટી સંખ્યામાં લોકો રાહત કેમ્પોમાં છે. ભારે લુટફાટ અને હિંસાના બનાવથી ઘણાં લોકો અન્યત્ર જતા રહ્યા છે.

## ઉત્તર પ્રદેશમાં સ્કુલ છત પડતા છ બાળકોના મોત

લખનૌ, તા.૨૭

ઉત્તર પ્રદેશના બીજનૌર જિલ્લામાં એક ગામમાં સ્કુલની છત ધરાશાયી થઈ જતાં ઓછામાં ઓછા છ બાળકોનાં મોત થયા છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે મૃત્યુ પામેલા તમામ બાળકોની વય ૧૦ વર્ષની આસપાસની છે. ખાનગી રીતે ચલાવવામાં આવતી સ્કુલમાં આ બનાવ બન્યો હતો. બીજનૌરના પોલીસ વડા નિતીન તિવારીએ માહિતી આપતા કહ્યું છે કે કાઠમાળ હેઠળ છથી વધુ બાળકો દટાઈ ગયા હતા અને તેમના મોત થયા હતા. આ સ્કુલમાં ૨૭ બાળકો હતા. બાકીના વિદ્યાર્થીઓને બચાવી લેવામાં સફળતા મળી હતી. કાઠમાળ હેઠળ ફસાયેલા આ બાળકોને નાની મોટી ઈજા થઈ હતી. તિવારીએ કહ્યું છે કે આ સ્કુલ રાજ્યના પાટનગર લખનૌથી ૩૫૦ કિલોમીટરના અંતરે સ્થિત છે.

# હજ યાત્રી ક્વોટા આદેશ અંગે કેન્દ્રની અરજીને સુપ્રીમે ફગાવી

નવી દિલ્હી,તા.૨૭

સુપ્રીમ કોર્ટે હજ શ્રદ્ધાળુઓ માટે સરકારના વિવેકાધીન ક્વોટાને મર્યાદિત કરવાના તેના ૨૩મી જુલાઈના આદેશને આગામી વર્ષ સુધી મોકુફ કરી દેવા કેન્દ્રની વિનંતી મામલે સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટીસ આફતાબ અલમ અને રંજના દેસાઈની બનેલી બેન્ચે સરકારની અરજીનો સ્વિકારવાનો ઈનકાર કર્યો હતો. એટર્ની જનરલ જીઈ વહાણવટી અને વકિલ હેરીસ બેરનની આગામી વર્ષ સુધી આદેશને મોકુફ રાખવાની રજુઆતને ફગાવી દીધી હતી. એટર્ની જનરલે સુનાવણી દરમિયાન ધારદાર દલીલો કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૩મી જુલાઈના દિવસે સુપ્રીમ કોર્ટે સરકારના વિવેકાધીન ક્વોટામાં ધરખમ ઘટાડો કર્યો હતો. હજ ૨૦૧૨ શ્રદ્ધાળુઓ માટે ક્વોટા સીટના ઉલ્લેખનીય ઘટાડો કર્યો હતો. સીટોની સુચીત સંખ્યા ૫૦-૫૦થી ઘટાડીને ૩૦૦ કરી દીધી હતી. સાથે સાથે એવી આશા પણ વ્યક્ત કરી હતી કે આ સીટ વ્યાજબી આધારે ફાળવવામાં આવશે. અગાઉ આજે સુનાવણી દરમિયાન બેન્ચે સાફ શબ્દોમાં કહ્યં હતું કે આ મામલામાં રાજકારણની રમત થવી જોઈએ નહીં. હજ અને લાભ માટે ઉપયોગ કરી શકાય નહીં. બેન્ચે એમપણ કહ્યું હતું કે વાર્ષિક હજ યાત્રા માટે આગામી વર્ષથી પીટીઓ નીતિ ઘડી કાઢવાની જરૂર છે. ખાનગી પરિવહન ક્ષેત્રમાં નવા નિષ્ણાંતોને મંજુરી આપી નવી નીતિ ઘડી કાઢવી જોઈએ. વર્તમાન નીતિ યોગ્ય નહીં હોવાની વાત સુપ્રીમ કોર્ટની બેન્ચે કરી હતી. જો કે સુપ્રીમની બેન્ચે કહ્યું હતું સરકારની વર્તમાન નીતિમાં સુધારા માટે વ્યાપક અવકાશ છે. જુદા જુદા ટુર ઓપરેટર દ્વારા કરવામાં આવતી ફરિયાદોમાં ધ્યાન આપવાની જરૂર છે. વર્તમાન નીતિ વાજબી નહીં હોવાની વાત કરીને સુપ્રીમ કોર્ટે આગામી વર્ષે નવી નીતિ રજુ કરવા કહ્યું હતું. કોર્ટની ચિંતાને ધ્યાનમાં લઈને નવી હજ નીતિ ઘડી કાઢવામાં આવશે તેવી આશા સુપ્રીમે વ્યક્ત કરી હતી. સુપ્રીમે કહ્યું હતું કે નવેમ્બર મહિનામાં ખાનગી ટુર ઓપરેટર્સ માટે નીતિમાં ધ્યાન અપાશે. સુપ્રીમ કોર્ટે અગાઉ ૨૩મી જુલાઈના દિવસો રાજકિય હસ્તીઓ હેઠળ ફાળવવામાં આવતી સીટોને મર્યાદીત કરી દીધી હતી.

# ભારત-શ્રીલંકા વચ્ચે આજે કોલંબોમાં વન-ડે જંગ થશે

કોલંબો,તા.૨૭

કોલંબોમાં આવતીકાલે ભારત અને શ્રીલંકા વચ્ચે પાંચ વન-ડે મેચોની શ્રેણીની ત્રીજી મેચ રમાનાર છે. આ વન-ડે મેચ બંને ટીમો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે બંને ટીમો હજુ સુધી ૧-૧ મેચ જીતી છે જેથી આવતીકાલની મેચ જીતનાર ટીમ સમગ્ર શ્રેણીમાં હરીફ ટીમ ઉપર દબાણ લાવવામાં સફળ રહેશે. કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની સામે સૌથી મોટી પડકારજનક બાબત રોહિત શર્મા અને મનોજ તિવારી બેમાંથી કોઈ એકની પસંદગીને લઈને છે. રોહત શર્મા અને મનોજ તિવારી પ્રેક્ટીસ સેશન દરમિયાન જોરદાર પ્રેક્ટીસમાં દેખાયા છે. બંનેએ ઝડપી બોલરો સામે વિશેષ પ્રેક્ટીસ કરી હતી. રોહિત શર્માની તકો વધારે દેખાઈ રહી છે. જો કે તેના ફોર્મને જોતા ધોની સામે તકલીફ વધી ગઈ છે. રોહિત શર્માએ આ વર્ષે ૧૦ વન-ડે મેચોમાં માત્ર ૧૭.૩૩ રનની સરેરાશ સાથે રન બનાવ્યા છે જે ખૂબ જ કંગાળ છે.



બીજી બાજુ તિવારી ડિસેમ્બર ૨૦૧૧ બાદથી કોઈપણ મેચમાં રમ્યો નથી.

ટીમનો હિસ્સો રહ્યો હોવા છતાં મનોજ તિવારી વર્ષ ૨૦૦૮માં વન-ડેમાં એન્ટ્રી કર્યા બાદથી માત્ર છ વન-ડે મેચોમાં રમ્યો છે. રોહિત શર્મા અને મનોજ તિવારી વચ્ચે કોઈ એકની પસંદગી કરવામાં આવશે. ધોનીએ પોતાની વ્યૂહરચના હજુ સુધી જાહેર કરી નથી. ધોનીનું કહેવું છે કે બીજી વન-ડે મેચ બાદ મેનેજમેન્ટ સાથે નવી તૈયારી અંગે ચર્ચા થઈ રહી છે. અંતિમ ઈલેવનની પસંદગી કરવામાં આવી નથી. રોહિત અને મનોજે એકબીજાથી આઠ મહિનાના ગાળામાં વન-ડેમાં એન્ટ્રી કરી હતી. રોહિત શર્મા ૮૨ વન-ડે મેચ રમી ચૂક્યો છે જ્યારે તિવારી છ વન-ડે મેચ રમી ચૂક્યો છે. બંને ખેલાડીઓની કુશળતાને લઈને હમેશા ચર્ચા રહી છે. રોહિત ગયા વર્ષે વિન્ડીઝ સામે મેન ઓફ ધ સિરીઝ બન્યો હતો જેના લીધે તે ટીમમાં સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યો છે. પ્રથમ બે મેચમાં પણ મનોજ તિવારીના બદલે રોહિત શર્ ઉપર પસંદગી ઉતારવામાં આવી છે. વર્ષ ૨૦૧૨માં રોહિત શર્માએ કંગાળ ફોર્મ જાળવી રાખીને ક્રમશ ૨૧, ૧૦, ૩૩, ૧૫, ૦, ૪, ૬૮, ૫, ૦ રન બનાવ્યા છે.

## રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સાથે વડાપ્રધાનની ચર્ચા

નવી દિલ્હી, તા.૨૭

વડાપ્રધાન મનમોહનસિંહ આજે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મળ્યા હતા. બંને વચ્ચેની વાતચીત થોડાક સમય સુધી ચાલી હતી. પ્રણવ મુખર્જીએ બુધવારના દિવસો રાષ્ટ્રપતિ તરીકેના શપથ લીધા બાદ બંને વચ્ચેની આ પ્રથમ બેઠક હતી. મનમોહનસિંહ મુખર્જીને મળવા માટે બપોરે રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતા. કર્ટસી કોલ તરીકે આ મિટિંગ યોજાઈ હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાષ્ટ્રપતિ હમિદ અંસારી, સંરક્ષણ મંત્રી એકે એન્ટોની, કેટલાક રાજ્યોના રાજ્યપાલ, લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ પણ ગુરૂવારના દિવસે પ્રણવ મુખર્જીને મળી ચુક્યા છે. હાલમાં યોજાયેલી રાષ્ટ્રપતિ ચુંટણીમાં પ્રણવ મુખર્જીએ યુપીએના ઉમેદવાર તરીકે શાનદાર જીત મેળવી હતી. એનડીએના ઉમેદવાર સાંગમાની હાર થઈ હતી. પ્રણવ મુખર્જી પ્રતિભા પાટીલની જગ્યાએ રાષ્ટ્રપતિ બન્યા પ્રતિભા પાટીલની રાષ્ટ્રપતિ તરીકેની અવધી પુર્ણ થઈ ચુકી છે. પ્રણવ મુખર્જી રાષ્ટ્રપતિ બનતા પહેલા યુપીએ સરકારના નાણાંમંત્રી તરીકે હતા.

# આગવો માણસ - આપણો માણસ

(પાના નં. ૨ નું ચાલુ)

સાથે જંપીને બેસી રહે તેવા નથી. તેમને તો ખપે છે સૂંડલામોઢે સંતોષ ! પાકશાસ્ત્રમાં માહેર આ ગૃહિણી વેસ્ટમાંથી બેસ્ટ બનાવી જાણે છે ! નકામી થઈ ગયેલી કે ફેંકવાલાયક ચીજવસ્તુને નવતર ઘાટ આપીને એ લોકોનને મોંનાં આંગળા નાંખતા કરી દે છે ! સતત કંઈને કંઈ નવું કરતાં રહેતાં સુધાબહેને ધીમેધીમે પાકશાસ્ત્ર અને તેને આનુષંગિક સ્પર્ધાઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું. હૈયામાં હામ હોય અને કામમાં કોઠાસૂઝનો નિચોડ ભળે પછી તો પૂછવું જ શું ? ૧૯૭૩માં ગાંધીનગરમાં સૌપ્રથમ ગુજરાત સરકાર દ્વારા કેનીંગના વર્ગો શરૂ થયા. તાલીમ લીધી. કેનિંગની કળામાં પારંગત થયાં. જીવનની કિતાબનું એક નવું પૃષ્ઠ ખુલ્યું અને શરૂ થયો ઈનામ જીતવાનો સિલસિલો ! ૧૯૭૬માં બાગાયત વિભાગ દ્વારા આયોજિત રાજયકક્ષાના પ્રદર્શનમાં જામફળની જેલી બનાવવામાં પ્રથમ, ૧૯૮૩માં આ જ કળામાં ફરીથી પ્રથમ, ૧૯૮૪માં ફળોની જેલી બનાવવાની સ્પર્ધામાં પ્રથમ, ૧૯૮૫માં જામફળની જેલી બનાવવામાં ફરીથી પ્રથમ, એજ વર્ષે અ.મ્યુ.કો. દ્વારા આયોજીત ફલાવર ડેકોરેશન સ્પર્ધામાં ત્રીજું સ્થાન અને ફળ અને શાકભાજીની બનાવટમાં બે પ્રમાણપત્રો મેળવ્યાં, ૧૯૮૫ની ગ્રીષ્મઋતુમાં ગુજરાત કૃષુ યુનિવર્સિટી, આણંદ ખાતે કેરીનું પ્રદર્શન ભરાયું. આ પ્રદર્શનમાં માત્ર કેરીની બનાવટો રજૂ કરવાની હતી. કોઈ કલ્પના પણ ન કરી શકે કે કેરીમાંથી આટલી ભિન્ન ભિન્ન વાનગીઓ બની શકે ! માનશો ! આપણાં સુધાબેને કેરીની એકવીસ આઈટમ બનાવીને પ્રથમ ઈનામ મેળવ્યું. ત્રણ પ્રશસ્તિપત્રો મળ્યાં અને કપ તો ખરો જ ! ૧૯૮૬માં વર્લ્ડફેર, દિલ્હીમાં ભાગ લીધો. એ જ વર્ષે જયપુર ખાતે અખિલ ભારતીય લીંબુ વર્ગીય ફળ પ્રદર્શનમાં ત્રણ ઈનામ અને ત્રણ પ્રમાણપત્રો, ૧૯૮૭માં અમદાવાદ ખાતે યોજાયેલ અખિલ ભારતીય ગ્રેઈપ્સ પ્રદર્શનમાં ત્રણ ઈનામ અને પ્રમાણપત્રો, ૧૯૮૮ના ફલાવર શોમાં રોલીંગ કપ અને ચાર પ્રમાણપત્રો, ૧૯૮૯માં મુંબઈ ખાતેની વેજીટેબલ્સ, ફ્રુટ્સ એન્ડ ફલાવર્સ હરિફાઈમાં બીજો પુરસ્કાર, ૧૯૯૦-૯૧ અને ૯૨માં ફરીથી આ જ સ્પર્ધામાં એ જ ઈનામો, ૧૯૯૧માં મહિલા ટાઈમ્સ દ્વારા અમદાવાદ ખાતે યોજાયેલ ઓપન ગુજરાત કુકીંગ કોન્ટેસ, મસોટા ફેંક સ્પર્ધામાં પ્રથમ પુરસ્કાર, ૧૯૯૪માં ગાંધીનગરની ગરબા સ્પર્ધામાં બેસ્ટ ડ્રેસ લેડીનો પુરસ્કાર, ૧૯૯૫માં આણંદ ખાતે યોજાયેલ ફૂલ, ફળ, શાકભાજી પ્રદર્શનમાં પારિતોષિકો, ૧૯૯૭માં વડોદરા ખાતે ફૂલ, ફળ શાકભાજી પ્રદર્શનમાં અને કેનિંગ વિભાગમાં અનુક્રમે પ્રથમ અને બીજું સ્થાન અ..ધ..ધ..ધ.. ૪૩ એવોડઝ અને ૯૬ પ્રમાણપત્રો ? સુધાબહેનને ઈનામો જીતવાની આદત પડી ગઈ હતી !

ફાસ્ટફૂડના યુગમાં પોષણયુક્ત આહારનો ઉપયોગ દિનપ્રતિદિન ઘટી રહ્યો છે ત્યારે સુધાબેન કૃત્રિમ રંગો કે રાસાયણિક પ્રિઝર્વેટીવ્ઝ વિના ફળ, ફૂલ, શાકભાજીમાંથી અથાણાં, મુરબ્બા, જેલી, ચોકલેટ, મિઠાણી, પાપડ, ચટણી, શરબત, સીરપ, ટુટીફ્રુટી જેવી અવનવી, ચટપટી, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક આઈટેમ બનાવીને આજની યુવાપેઢીને નવો રાહ ચિંધી રહ્યા છે ! તાજાં તાજાં બનેલાં સીઝનલ વ્યંજનોની નાની મોટી કાચની બરણી અને બાટલાઓ તેમના ડાઈનીંગ ટેબલની શોભા વધારી રહ્યાં છે. આમળાની જેલી અને જાંબુ તથા ચણીબોરનાં શરબતો એ સુધાબેનની પોતાની આગવી શોધ છે. અનેક મહિલા સંસ્થાઓ અને ભગિની મંડળોએ સુધાબેનનું બહુમાન કર્યું છે. તેઓ મુંબઈની નેશનલ ફ્રેન્ડસ ઓફ ધી ટ્રીઝ, ગુજરાત વેપારી મહામંડળ (મહિલા પાંખ), અખિલ હિન્દ મહિલા પરિષદ, જલારામ મહિલા મંડળ, ગાંધીનગર અને બેંગ્લોરના સભ્ય છે. પાકશાસ્ત્રમાં અનોખી સિધ્ધિ બદલ ગુજરાત હોર્ટીકલ્ચરસ એસોસિએશને તો સુધાબેનને પોતાની સંસ્થામાં આજીવન સભ્ય બનાવી દીધાં છે ! વિવિધ સ્પર્ધાઓમાં નિર્ણાયક ઉપરાંત પર્યાવરણની જાળવણી, મહિલા વિકાસ, વિવિધ વાનગીઓના દૂરદર્શન પરના ડેમોન્સ્ટ્રેશન, આકાશવાણી પરથી મહિલાઓ અને ખેડૂતો માટેના લઘુ વાર્તાલાપો ઉપરાંત બિનપરંપરાગત સ્ત્રોતોમાંથી ઊર્જાપ્રાપ્તિ જેવી બાબતોમાં સુધાબેન આજે પણ સક્રિય છે. કવિહૃદય છે. મોજમાં આવે ત્યારે તેઓ ઊર્મિશીલ કવિતાનું સર્જન પણ કરી લે છે ! આગામી ૩, ૪, ૫ સપ્ટેમ્બર દરમિયાન નવી દિલ્હી ખાતે યોજાનાર મહિલા સાહસિકો માટેની બારમી ગ્લોબલ કોન્ફરન્સમાં આમંત્રિત ૮૦૦ મહિલાઓ પૈકી એક મહિલા શ્રીમતી સુધાબેન મોહનભાઈ ધનેશા છે ! જોયું ? ભણેલાં નહીં પણ ગણેલાં તે આનું નામ !

વિચારકણિકા : જે કર ઝૂલાવે પારણું તે જગત પર શાસન કરે.

SANGHI CEMENT | KisaN | VINAYAK500 TMT BARS - ISI | SANGHI STEEL - ISI
BENELAVE | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી



FAIR MATE Water Proofing Solution | VIRAT TMT BARS | UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

THE CREATIVE DECORATORS OF THE CITY
॥ अभय ॥ FEEL FREE, BE FEARLESS
AD ABHAY DECORATORS
HIRERS, DECORATORS & EVENT ORGANISERS
ZARIN CATERING Pvt. Ltd.
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
: REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad
: CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192,
Electronics Estate, B/h. Videocon Factory,
Sector-26, Gandhinagar
website : www.abhaydecorators.com, email : abhaydecorators@yahoo.com